# એક ચોર, ચાર તાલુકા, 18 ગુના

**નવાપુર** ગેંગનો મુખ્ય સૂત્રધાર ૭.૪૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો

**આરોપી** અગાઉ સુરત સિવિલમાં પોલીસ જાપ્તામાંથી ભાગી ગયો હતો



બારડોલી : બારડોલી રૂરલ પોલીસે સુરત અને તાપી જિલ્લામાં વાહન ચોરી, સોલાર કેબલ તથા બેટરી ચોરી કરતી નવાપુર ગેંગના મુખ્ય સૂત્રધાર અંતુ ઉર્ફે પીન્ટુદાદા ગાવીતને મોતા ગામ પાસેથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી સોલાર કેબલ, ૬ બેટરી, ૩ મોટરસાઈકલ, સ્વિફ્ટ કાર, રોકડ અને ચોરીના સાધનો સહિત કુલ ૭,૪૯,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ધરપકડથી બારડોલી, કામરેજ, વ્યારા અને વાલોડ પોલીસ સ્ટેશન વિસ્તારના ૧૮થી વધુ ગુનાનો ભેદ ઉકેલાયો છે. અગાઉ આ આરોપી સુરત સિવિલ હોસ્પિટલ ખાતેથી પોલીસ જાપ્તામાંથી પણ ભાગી ગયો હતો. પોલીસે ચોરીનો માલ ખરીદનાર અને ચોરીમાં સાથ આપનાર અન્ય બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મુખ્ય આરોપીની ક્રાઇમ કુંડળી

- **આરોપી:** અંતુ ઉર્ફે પીન્ટુદાદા રૂબજીભાઈ ગાવીત (હાલ રહે. અલથાણ ટેનામેન્ટ, ભટાર, સુરત; મૂળ રહે. ભોનઆમલાગામ, મહારાષ્ટ્ર).
- **ધરપકડ સ્થળ:** મોતા ગામ, ખાનપુર નાળ પાસે.
- **રેકોર્ડ:** આરોપી અગાઉ સુરત સિવિલ હોસ્પિટલ ખાતેથી પોલીસ જાપ્તામાંથી ભાગી ગયેલ હતો.

### જપ્ત કરાયેલો મુદ્દામાલ (કુલ કિંમત: ૭,૪૯,૩૦૦)

- **રોકડ રકમ:** ૯૩,૪૦૦
- **ચોરીનો સામાન:** ૨૪૯ કિલોગ્રામ સોલર કેબલના વાયરો અને તાંબાનો ભંગાર, ૬ બેટરી
- **વાહનો:** ૧ સ્વિફ્ટ કાર, ૩ મોટરસાઇકલ
- **અન્ય સાધન-સામગ્રી:** મોબાઇલ ફોન, પક્કડ, વાયર કટર અને હેક્સો કટર

### વોન્ટેડ જાહેર કરાયેલા આરોપીઓ

- નાશરૂદ્દીન સદારૂદ્દીન ખેરાની (ચોરીનો માલ ખરીદનાર - રહે. પ્રેસિડેન્ટ ટાવર, ઘોડદોડ રોડ, સુરત)
- બારકિયા રાગા વસાવે (ચોરીમાં સાથ આપનાર સાગરીત - રહે. નવાપુર)

### ઉકેલાયેલા ગુનાઓ અને વોન્ટેડ આરોપીઓ

- ઉકેલાયેલા ગુનાઓ (કુલ ૧૮+):
- બારડોલી રૂરલ પોલીસ સ્ટેશન: ૭ ગુના
- કામરેજ પોલીસ સ્ટેશન: ૧ ગુનો
- તાપી જિલ્લો (વ્યારા અને વાલોડ): બાકીના ગુનાઓ

### આ મોડેસ ઓપરેન્ડીથી ચોરી

- અલગ અલગ વિસ્તારોમાંથી મોટરસાઇકલની ચોરી કરી તેની નંબર પ્લેટ બદલી નાખવી.
- દિવસ દરમિયાન સોલાર પ્લાન્ટ અને અન્ય વિસ્તારોની રેકી કરવી.
- રાત્રિના સમયે સોલાર કેબલ તથા બેટરીની ચોરીને અંજામ આપવો.
- ચોરીનો માલ સુરત શહેરમાં વેચીને તુરંત નવાપુર ભાગી જવું.
- સુરત અને તાપી જિલ્લામાં આચરેલા ગુના

## સંક્ષિપ્ત સમાચાર

### કુકરમુંડામાં બાઇક ચોરનારા બે આરોપી ઝડપાયા



કુકરમુંડા: કુકરમુંડા પોલીસ મથક હેઠળ વર્ષ-૨૦૨૫માં બાલદા ગામેથી ગિરીશભાઈ ચૌધરીની રૂ.૩૦,૦૦૦ની કિંમતની હોન્ડા સાઇન મોટરસાઇકલ ચોરાઈ હતી. મહારાષ્ટ્રની શાહદા પોલીસે ૨૮ ચોરેલી બાઇક સાથે ઝડપેલા બે આરોપી પાસેથી આ વાહન પણ મળી આવ્યું હતું. માહિતી મળતાં કુકરમુંડા પોલીસે નિઝર મેજિસ્ટ્રેટ પાસેથી ટ્રાન્સફર વોરંટ મેળવી આરોપી ભીકાભાઈ મોલ્યાભાઈ પાડવી (ઉં.વ.૩૨) અને વિનોદ ઉર્ફે વિનચ્યાભાઈ રામજીભાઈ પાડવી (ઉં.વ.૨૭) (બંને રહે., ધડગાંવ, નંદુરબાર)નો કબજો મેળવી ધરપકડ કરી ગુનાનો ઉકેલ્યો હતો.

### નિઝરમાં મોટર અને બેટરી ચોરીના બે આરોપી ઝડપાયા



કુકરમુંડા: કુકરમુંડાના મુબારકપુર ગામેથી ડ્રીપ ઈરિગેશન માટેની ૨ પાણીની મોટર (રૂ.૧૩,૦૦૦) અને ૨ ટ્રેક્ટરની બેટરી (રૂ.૧૬,૦૦૦) મળી કુલ રૂ.૨૯,૦૦૦ના મુદ્દામાલની ચોરી થઈ હતી. આ અંગે નિઝર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. નિઝર પોલીસે APMC માર્કેટ પાસે વોચ ગોઠવી ચોરીના મુદ્દામાલ સાથે અજય કાંતિલાલ ઠાકરે અને યોગેશ ભાવુભાઈ મોરે (બંને રહે., મુબારકપુર)ને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

### ડોલવણના તાલુકા શિક્ષણાધિકારી કલ્પેશ ગામીત પીએચ.ડી. થયા



વ્યારા: ઉકાઇના અગાસવાણ ગામના નિવાસી અને ડોલવણના તાલુકા શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા કલ્પેશ ગામીતે અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠમાંથી શિક્ષણ વિદ્યાશાખામાં પ્રો.છનાભાઈ ભીંસરાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પીએચ.ડી. પૂર્ણ કરી શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ડો.કલ્પેશ ગામીતે તેમના સંશોધન માટે ગુણોત્સવ ૨.૦માં ગુણવત્તાની દૃષ્ટિએ ઉચ્ચ અને નિમ્ન શાળાઓનો વિવેચનાત્મક અભ્યાસ વિષય પસંદ કર્યો હતો.

### SNLPCPના વિદ્યાર્થીઓની ઝળહળતી સિદ્ધિ

બારડોલી: વિદ્યાભારતી ટ્રસ્ટ સંચાલિત નારણજીભાઈ લાલભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી, ઉમરાખના વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે તથા નેશનલ ફાર્મસી વીક-2026ની ઉજવણી અંતર્ગત આયોજિત રાજ્ય કક્ષાની "Sci-Toons Preparation Competition" માં કોલેજના બી.ફાર્મ. તૃતીય સેમેસ્ટરના વિદ્યાર્થીઓ પટેલ સિદ્ધિ અને હિર્વે મિતાલીએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સ્પર્ધાનું આયોજન "Combating Antimicrobial Resistance" વિષયને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં રાજ્યભરની વિવિધ ફાર્મસી કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક વિષયને કાર્ટૂન તથા વિઝ્યુઅલ માધ્યમ દ્વારા સરળ, રસપ્રદ અને સર્જનાત્મક રીતે રજૂ કર્યો હતો. નારણજીભાઈ લાલભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસીના સિદ્ધિ પટેલ અને મિતાલી હિર્વેએ પોતાની સર્જનાત્મકતા, વૈજ્ઞાનિક જ્ઞાન, વિષયની સમજ અને નવીન રજૂઆત દ્વારા નિર્ણાયકોને પ્રભાવિત કરી દ્વિતીય ક્રમ મેળવ્યો હતો.

### વાલોડની સ.ગો. હાઈસ્કૂલનું ગૌરવ



વાલોડ: દેવભૂમિ દ્વારકા મુકામે યોજાયેલી 70મી અખિલ ભારતીય શાળાકીય રાજ્ય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં સ.ગો. હાઈસ્કૂલ વાલોડના બે પ્રતિભાશાળી ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. શાળાના ઘાંચી શાકિબે 19 વર્ષથી ઓછી વય (Under-19) કેટેગરીની 60થી 65 કિ.ગ્રા. વજન વર્ગમાં દ્વિતીય સ્થાન મેળવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. તેમજ શાળાના ખેલાડી ચૌધરી દીપે 65થી 70 કિ.ગ્રા. વજન વર્ગમાં તૃતીય સ્થાન મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. રાકેશભાઈ બી ચૌધરી, જ્યોત્સ્નાબેન પટેલ, રવિભાઈ બાગેલ આ તમામ શિક્ષકોના મહેનત થકી આ પરિણામ મળ્યું છે.

# રોસવાડમાં નવા RCC રોડ પરથી ઢોર લઈ જવા બાબતે મારામારી

**પડોશીએ** બે ભાઈઓને લાકડીથી ફટકાર્યા

માંડવી: અરેઠના રોસવાડ ગામે નવા બનેલા આર.સી.સી. રોડ પરથી ઢોર લઈ જવાની ના પાડતાં ઉશ્કેરાયેલા પડોશીએ બે ભાઈઓ પર લાકડીથી હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મામલો તડકેશ્વર પોલીસ મથકે પહોંચ્યો છે.

લીમડા ફળિયામાં રહેતા અજય કલ્યાણભાઈ પટેલની ફરિયાદ મુજબ 5 ઓક્ટોબરે ઘર પાસે નવો રસ્તો બન્યો હોવાથી વાહનો પસાર ન થાય એ માટે તેમણે ટ્રેક્ટર આડું મૂક્યું હતું. આ સમયે ફળિયામાં રહેતા ઠાકોરભાઈ પટેલ ઢોર લઈને પસાર થતા હતા. અજયભાઈએ તેમને નવા રસ્તા પરથી ઢોર ન લઈ જવા અને અન્ય રસ્તે જવા જણાવ્યું હતું. આથી ઉશ્કેરાયેલા ઠાકોરભાઈએ ગાળો આપી અજયભાઈના જમણા હાથે લાકડીનો સપાટો મારી દીધો હતો. ઝઘડો જોઈ અજયભાઈના મોટા ભાઈ સતીષભાઈ છોડાવવા વચ્ચે પડ્યા, પરંતુ આરોપીએ તેમને પણ લાકડીના સપાટા મારી ઈજાગ્રસ્ત કર્યા હતા. હુમલો કરી આરોપી બંને ભાઈઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત સતીષભાઈને તાત્કાલિક તડકેશ્વરની શિફા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ સમગ્ર ઘટના અંગે તડકેશ્વર પોલીસે ઠાકોરભાઈ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# પરીઆ ગામે ગોચર જમીનના સબ વીજ સ્ટેશનનો વિવાદ યથાવત

**જેટકો** કંપનીએ પોલીસ બંદોબસ્ત સાથે કામ ચાલુ રાખ્યું



જયેશ પટેલ

સાયણ: ઓલપાડના પરીઆમાં આવેલી ૧૭ વીઘાં (૪૦,૦૦૦ ચો.મી.) ગોચરની કીમતી જમીન ગ્રામ પંચાયત અને ગ્રામજનોની પૂર્વ મંજૂરી કે ઠરાવ વિના કલેક્ટર દ્વારા જેટકો કંપનીને ફાળવી દેવામાં આવતાં વિવાદ સર્જાયો છે.

પોલીસ બંદોબસ્ત સાથે કંપનીએ કામગીરી શરૂ કરતાં ગ્રામજનો, મહિલાઓ અને ખેડૂત નેતાઓ જયેશ પટેલ (દેલાડ), રમેશ પટેલ (ઓરમા) તથા દર્શન નાયક મોટી સંખ્યામાં ઘટના સ્થળે વિરોધ નોંધાવવા એકત્ર થયા હતા. વિરોધ દરમિયાન પોલીસ અને ગ્રામજનો વચ્ચે ઘર્ષણનો માહોલ સર્જાયો હતો. ગામના સરપંચ અનિરુદ્ધસિંહ ગોહિલે બંધારણીય જોગવાઈઓ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કરી કંપનીને કામ અટકાવવા નોટિસ પાઠવી હતી, પરંતુ કામગીરી ચાલુ રહેતાં મામલો વધુ બિચક્યો છે. ગ્રામજનોએ ઉગ્ર કાયદાકીય લડત અને વિરોધ પ્રદર્શનો કરવાની ચીમકી આપી છે.

જેટકોના અધિક્ષક ઈજનેર પી.એન.પટેલે જણાવ્યું હતું કે, સરકારે નિયમાનુસાર જમીન ફાળવી છે અને અહીં ૨૨૦ કે.વી. સબ વીજ સ્ટેશન બનવાથી પરીઆ સહિત આસપાસનાં ગામોને વધુ વીજ પુરવઠો મળશે, તેથી ગ્રામજનોનો વિરોધ અયોગ્ય છે. સ્થાનિક પશુપાલક ધર્મેન્દ્રસિંહ મહિડાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સરકારી નીતિઓના કારણે ગોચરો નાશ પામી રહ્યા છે, જેના લીધે સુમુલ ડેરીમાં દૂધની આવક ઘટી રહી છે અને પશુપાલકો આ ધંધો છોડવા મજબૂર બન્યા છે.

## મોરથાણામાં લોનના હપ્તાના ટેન્શનમાં યુવાને ઝેર પી લીધું

કામરેજ: સુરતના અશ્વિનીકુમાર રોડ સ્થિત સતાધાર કૃપા સોસાયટીમાં રહેતા અને કાપોદ્રા ક્રિષ્ના ઈન્ડસ્ટ્રિઝમાં એમ્બ્રોઈડરીનું ખાતું ધરાવતા તુષાર ધીરજલાલ વાઘાણીએ આર્થિક તંગીથી કંટાળી આપઘાતનો પ્રયાસ કરી લીધો હતો. બે દિવસ અગાઉ સવારે પોતાના ખાતા પર કામ પતાવી તુષારભાઈ બાઈક લઈ કામરેજના મોરથાણા ગામ પાસેની નહેર નજીક ગયા હતા. બેંકમાંથી લીધેલી લોનના હપ્તા ન ભરાતાં હોવાથી ભારે માનસિક તણાવમાં આવી તેમણે અનાજમાં નાંખવાની સેલ્ફોસની દવા પી લીધી હતી. આ અંગેની જાણ તેમણે શાળાના મિત્ર નિકુંજને કરતાં નિકુંજ તુરંત જ મોરથાણા પહોંચ્યો હતો અને તુષારભાઈને સુરતની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા.





વિનોદ મૈસુરીયા

# સાગબારાના ખેડૂતોએ નર્મદા જિલ્લામાં જમીન માંગવી જોઈએ: પ્રભુ વસાવા

**સાગબારા**-ઉમરપાડા જમીન વિવાદ અંગે બારડોલીના સાંસદનું નિવેદન



વાંકલ: ઉમરપાડા અને નર્મદા જિલ્લાના સાગબારાના ખેડૂતો વચ્ચે જંગલ જમીન ખેડાણને લઈને લાંબા સમયથી ચાલી રહેલા વિવાદ અંગે બારડોલી લોકસભા ક્ષેત્રના સાંસદ પ્રભુ વસાવાએ પોતાનું આક્રમક અને સ્પષ્ટ વલણ રજૂ કર્યું છે. આ મુદ્દે ભાજપના જ નેતાઓ સામસામે આવી ગયા હોવાની ચર્ચાઓ વચ્ચે સાંસદે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. સાંસદ પ્રભુ વસાવાએ જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લાના ખેડૂતોની જંગલ જમીનની જે માંગણીઓ હતી તે સરકાર દ્વારા પૂરી કરી દેવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે પોતાનો જિલ્લો છોડીને બીજા જિલ્લામાં જઈને જંગલની જમીનની માંગણી કરવી તે બિલકુલ વ્યાજબી નથી. સુરત જિલ્લાના ખેડૂતો ક્યારેય પોતાની જમીન આપવા તૈયાર નથી. જેથી સાગબારાના ખેડૂતોએ પોતાના જ જિલ્લામાં જમીનની માંગણી કરવી જોઈએ. સાંસદે સાગબારાના ખેડૂતોને ખાસ અપીલ કરતા જણાવ્યું હતું કે, આદિવાસી અને આદિવાસી સમાજ વચ્ચે ક્યારેય ઘર્ષણ કે અસંતોષ ન ઊભો થાય તે બાબતનું ધ્યાન રાખવું જોઈએ. ઉમરપાડા અને સાગબારા બંને તાલુકા સંપૂર્ણપણે આદિવાસી સમાજથી વ્યાપ્ત છે. ત્યારે અંદરોઅંદર કોઈ વિવાદ કે ભાગબટાઈ ન થાય તે જરૂરી છે.

# સાયણમાં ચાર ઘરફોડ ચોરીના ભેદ ઉકેલાયા



જયેશ પટેલ

સાયણ: ઓલપાડ પોલીસ મથકના પીઆઈ સી.આર.જાદવ અને પીએસઆઈ ડી.બી.દેસાઈની ટીમે સાયણ વિસ્તારમાં તાજેતરમાં બનેલી ૪ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. પોલીસે બાતમીના આધારે રંગોલી ચોકડી નજીકથી ઓટો રિક્ષા નં.(જી.જે.-૦૫-બીવાય-૬૧૦૧)માં જઈ રહેલા જ્ઞાનેશ્વર સરસાટ અને મહમદ સાહિદ શેખ નામના ૨ આરોપીને પકડી પાડ્યા છે.

આરોપીઓ પાસેથી ચોરીના ૮ મોબાઈલ ફોન અને ઓટો રિક્ષા મળી કુલ ૧.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

પૂછપરછ દરમિયાન આરોપીઓએ હરિદર એપાર્ટમેન્ટ, રોયલ સોસાયટી અને રસુલાબાદ વિસ્તારમાં ચોરી કર્યાની કબૂલાત કરી છે.

## સોનગઢમાં પોક્સોના ગુનાનો આરોપી ઝડપાયો

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગંભીર પોક્સો એક્ટના ગુનામાં ફરાર વોન્ટેડ આરોપી રાહુલ અરવિંદ કોટવાળિયા (રહે.,ઉવા ગામ, તા.બારડોલી)ને પોલીસે હ્યુમન સોર્સ અને ટેક્નિકલ એનાલિસિસના આધારે બાતમી મેળવી ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સોશિયલ મીડિયાના ઈન્ફ્લુએન્સર પાસે રૂપિયાની માંગ

કામરેજ: કામરેજના હલધરૂ ખાતે રહેતા અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર તરીકે કામ કરતા ગોપાલ તિવારીનું 10 લાખ ફોલોઅર્સ ધરાવતું આઈડી અજાણ્યા શખ્સે સતત સ્ટ્રાઈક આપી ડિલીટ કરાવી દીધું હતું. ત્યારબાદ વોટ્સએપ પર સંપર્ક કરી સ્ટ્રાઈક હટાવવા બદલ 1 લાખ ક્રિપ્ટો કરન્સીમાં ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી. આ અંગે ગોપાલે કામરેજ પોલીસ મથકે સાયબર ક્રાઈમની ફરિયાદ નોંધાવી છે.

# બારડોલીમાં શ્રમજીવીની ચપ્પુના ઘા ઝીંકી હત્યા

**ગુનો** છુપાવવા સાઇકલ પર લાશ મૂકી અસ્તાન નહેર કિનારે ફેંકી

બારડોલી: અસ્તાન ગામ પાસે આવેલી નહેરના કિનારેથી એક આશરે ૩૫ વર્ષીય અજાણ્યા પુરુષની હત્યા કરાયેલી લાશ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. બારડોલી સુગર રેલવે ફાટક નજીક મોડી બપોરે બે શ્રમજીવી વચ્ચે અગમ્ય કારણોસર ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડામાં એક વ્યક્તિએ અન્ય પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. પોતાનો ગુનો છુપાવવાના આશયથી હત્યારાએ મૃતદેહને સાઈકલ પર મૂકી અસ્તાન ગામની નહેર કિનારે ફેંકી દીધો હતો. ઘટનાની જાણ થતાં રેલવે પોલીસે લોહીનાં નિશાનોના આધારે તપાસ હાથ ધરી લાશને શોધી કાઢી હતી. સ્થાનિક અને જિલ્લા એલસીબી પોલીસની સંયુક્ત કામગીરીથી આરોપી રવિ શ્યામ મોહિલે (ઉં.વ.૩૫)ની ધરપકડ કરવામાં આવી છે. આરોપીની પૂછપરછમાં મૃતકની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. ઘટના સ્થળની તપાસ બાદ આ હત્યાનો ગુનો બારડોલી ટાઉન પોલીસ મથકની હદમાં આવતો હોવાથી ત્યાં ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.


Milano MULTIPLEX
બારડોલી
Drishyam:The Conclusion
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
The Paradise - 11:00am
Prem Keetnu - 02:15pm
The Vvaan - 05:15pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



ધી કોસંબા મર્કન્ટાઈલ કો-ઓ. બેન્ક લી. કોસંબા
ઓફિસ: 'શ્રી નિધિ', ઝંડા ચોક, કોસંબા, તા: માંગરોળ, જી. સુરત-૩૯૪૧૨૦
email: kosambamercantilebank@gmail.com

સભાસદ જોગ જાહેર નોટીસ

આથી ધી કોસંબા મર્કન્ટાઈલ કો-ઓપ. બેંક લી. ઝંડાચોક, તરસાડી, કોસંબા, તા. માંગરોલ, જી. સુરતના સભાસદોને જણાવવાનું કે આપણી બેંકના જે સભાસદોના પુરા નામ, સરનામા બેંકના દફતરે નોંધાયેલ નથી તેવા સભાસદોએ બેંકમાં આવી પોતાના સરનામા તેમજ વારસાઈની ખરાઈ કરાવી લેવી તે માટે પુરાવા બેંકમાં રજુ કરવા રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના નિયમોનુસાર KYC અપડેટ કરવા જરૂરી છે. તો તારીખ 22-10-2026, બપોરે 4.00 વાગ્યા સુધીમાં બેંકની ઓફીસમાં આવી બેંક નિર્ધારીત કરેલ દસ્તાવેજી પુરાવા જમા કરાવી જવા વિનંતી છે.

નોંધ : બેંકના સભાસદોએ બેંકની ઓફીસ ઉપર આવી તારીખ 05-10-2026ના રોજ ચૂંટણી સમીતી સમક્ષ આપેલ આવેદન પત્ર અને રૂબરૂ રજુઆત મુજબ KYC લેવા માટેની તારીખમાં ઉપર મુજબ ફેરફાર કરવામાં આવેલ છે.

લી.
ચુંટણી અધિકારીશ્રી
ચુંટણી સહ અધિકારી, જી. સુરત



ભાવભીની શ્રધ્ધાંજલી



સ્વ. હિમાંશુભાઈ વિનોદભાઈ પટેલ
(વેલણપુર)
ડીરેક્ટરશ્રી - શ્રી મહુવા પદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.,
સ્વ. તા. ૦૪/૧૦/૨૦૨૬ (રવિવાર)

શ્રી મહુવા પદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બામણીયામાં તા. ૦૯/૦૯/૨૦૦૭ થી આજપર્યંત ડીરેકટર તરીકે સેવા આપનાર શ્રી હિમાંશુભાઈ વિનોદભાઈ પટેલનું ૫૨ વર્ષે તા. ૦૪/૧૦/૨૦૨૬ ના રોજ અણધાર્યું દુઃખદ અવસાન થયેલ છે. દિવંગતના નિધને મહુવા તાલુકા તથા અંબિકા તાલુકાએ એક સંનિષ્ઠ, સામાજીક, શૈક્ષણિક અને સહકારી આગેવાન ગુમાવ્યા છે. જેની ખોટ ક્યારેય પણ પૂરી શકાય તેમ નથી. પભુ તેમના આત્માને ચિરઃશાંતિ આપે. પરિવારજનોને આ કારમો ઘા ઝીલવાની શકિત આપે એ જ પાર્થના સહ દિવંગત આત્માને શ્રધ્ધાસુમન અર્પણ કરીએ છીએ.

લિ.
ભાનેશભાઈ બી. પટેલ મેનેજીંગ ડીરેક્ટરશ્રી
તથા બોર્ડ ઓફ ડીરેકટરર્સ અને સુગર પરિવાર
શ્રી મહુવા પદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.,
બામણીયા, તા. અંબિકા, જી. સુરત